
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી 'આક્રમણ' ફિલ્મનું કિશોરકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: 'દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.'

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૭,૧૯૭૧ઃ આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?



*વાઇસ-ઍડમિરલ નીલકંઠ કૃષ્ણનન્ઃ ઈસ્ટર્ન કમાન્ડના નૌકાસેનાપતિ*

ડિસેમ્બર ૩-૪, ૧૯૭૧નાં રોજ ભારત-પાક યુદ્ધ શરૂ થયું તે પહેલાં ભારતીય નૌકાદળને લગતાં બધાં વ્યૂહાત્મક પાસાં મૂલવ્યાં બાદ આક્રમક નીતિને અનુરૂપ જે પ્લાન ઘડી કાઢવામાં આવેલો તે મુજબ વાઇસ-ઍડમિરલ એસ. એન. કોહલીએ વેસ્ટર્ન કમાન્ડનો ચાર્જ સંભાળવાનો હતો, જ્યારે ઈસ્ટર્ન કમાન્ડની જવાબદારી વાઇસ-ઍડમિરલ કૃષ્ણનન્ને સોંપવામાં આવી હતી. વિમાનવાહક જહાજ *વિક્રાંત* મૂળ તો વેસ્ટર્ન કમાન્ડનું, પરંતુ પૂર્વ પાકિસ્તાનને વહેલામાં વહેલી તકે સ્વતંત્ર બાંગલાદેશમાં ફેરવવાની geopolitical / ભૂરાજકીય જરૂરિયાતને ધ્યાનમાં લેતા *વિક્રાંત*ને ઈસ્ટર્ન કમાન્ડ માટે તે મોરચે ફાળવવામાં આવ્યું હતું.


આ વિમાનવાહક જહાજે બંગાળના ઉપસાગરમાં રીતસરની સંચારબંધી જ સ્થાપી દેવાની હતી. આ માટે પૂર્વ પાકિસ્તાનની દક્ષિણે ૪૩૦ કિલોમીટર લાંબી base- line તથા અનુક્રમે ૩૬૦ કિલોમીટર અને ૨૬૫ કિલોમીટર લાંબી બે ભુજાઓનો કુલ ૪૬,૬૦૦ ચોરસ કિલોમીટરનો જળવિસ્તાર નકશા પર અંકિત કરાયો હતો. *વિક્રાંત* ની આણ નીચેના એટલા જળવિસ્તારમાં રખે પાકિસ્તાની જહાજ ફરકતું દેખાય તો યુદ્ધને લગતી આંતરરાષ્ટ્રીય જિનિવા સમજૂતી અનુસાર તેને war prize તરીકે જપ્ત કરી લેવાનું હતું.



*વાઇસ-ઍડમિરલ એન.એસ. કોહલીને નૌકાદળનો વેસ્ટર્ન કમાન્ડનો ચાર્જ સોંપાયો હતો*

આ રણનીતિ કાગળ પર તો હટ્ટીકટ્ટી જણાતી હતી, પણ તેને અમલમાં મૂકવાનું સહેલું ન હતું. ૧૯૬૧માં *વિક્રાંત* ની ખરીદી કરાયા બાદ તે વિમાનવાહક જહાજ ભાગ્યે જ વાપરવામાં આવ્યું હતું. માત્ર ગોવાના મુક્તિસંગ્રામ વખતે ૧૯૬૦માં તેણે નાનીશી ભૂમિકા અદા કરી હતી. ૧૯૬૫ના ભારત-પાક યુદ્ધ વખતે તો સદંતર નિષ્ક્રિય રાખવામાં આવ્યું હતું. વપરાશ ન થવાને લીધે આંતરિક યંત્રપ્રણાલિની કાર્યક્ષમતામાં મોટો કાપ આવી ગયો હતો. ઉપરાંત *વિક્રાંત* માટે વસાવવામાં આવેલાં Sea Hawk તથા Alize વિમાનો પણ સારી હાલતમાં ન હતાં. *વિક્રાંત*નાં ૪૦,૦૦૦ હોર્સપાવર પેદા કરતાં ૪ બોઇલર્સ પૈકી A1 તરીકે ઓળખાતા બોઇલરમાં

*બ્રિટને જેનું બાંધકામ બીજા વિશ્વયુદ્ધમાં શરૂ કરેલું અને યુદ્ધ અચાનક પૂરું થતાં અટકાવી દીધેલું તે વિમાનવાહક HMS Hercules ભારતે ૧૯૬૧માં ખરીદ્યું અને દસ વર્ષ પછી ૧૯૭૧માં હુકમની બાજી ખેલી*





*અમેરિકાની Tench વર્ગની સબમરિન પાકિસ્તાનને મળી ત્યારે તેનું મુળ નામ USS Diablo હતું. પાકિસ્તાને તેનું જેહાદી નામ ગાઝી રાખ્યું*

તિરાડ પડી હતી, એટલે તે નકામું બન્યું હતું. જહાજ ત્રણ બોઇલર્સના જોરે હંકારી શકે ખરું, પણ તૂતક પૂરતી ટૂંકી જગ્યામાં વિમાનોના ટેક-ઑફ માટે આવશ્યક ગણાતી ઝડપે નહિ. વિમાનોને ટેક-ઑફ વખતે પર્યાપ્ત લિફ્ટ મળી રહે તે માટે જહાજે પોતાનો મોરો ફેરવીને હંમેશાં સામા પવનમાં શક્ય એટલી વધુ ગતિએ હંકારવું જોઇએ.

બોઇલરની તિરાડ પર આખરે સ્ટીલનો પટ્ટો ચડાવી તેનું તત્પુરતું સમારકામ કરી નાખવામાં આવ્યું. *વિક્રાંત* એ વખતે ભારતના પૂર્વ કાંઠે વિશાખાપટ્ટણમ્ નૌકામથકમાં હતું. મુંબઇથી વિશાખાપટ્ટણમ્ સુધીનો પ્રવાસ તદ્દન ખાનગી રાખવામાં આવ્યો હોવા છતાં પાકિસ્તાને તેના બાતમીદારો દ્વારા *વિક્રાંત*નું સ્થાન જાણી લીધું અને પોતાની *ગાઝી* સબમરિનને તેનો શિકાર કરવા મોકલી આપી. જો કે ડિસેમ્બર ૪ ની રાત્રે *ગાઝી* પોતે ભારતની *રાજપૂત* નામની મનવારનો પીછો છોડાવવા જતાં છીછરા દરિયાના તળિયા સાથે તેનો મોરો ટકરાયો અને ત્યાંની ટ્યૂબમાંનો ટોરપિડો ફાટતાં તે નાશ પામી.



*'વિક્રાંત' ના કેપ્ટન સ્વરાજ પ્રકાશ, જેઓ વખત જતાં વાઇસ-ઍડમિરલ બન્યા*

વિશાખાપટ્ટણમ્‌થી નીકળી *વિક્રાંત* પૂર્વ પાકિસ્તાનના સાગરકાંઠે પહોંચ્યું અને તેનાં Sea Hawk વિમાનોએ તથા Alize વિમાનોએ હુમલા શરૂ કરી દીધા. વિમાનોએ સૌથી વધુ તરખાટ મચાવ્યો એ દિવસ ડિસેમ્બર ૭, ૧૯૭૧નો હતો, કેમ કે પૂર્વ પાકિસ્તાનમાં સૌથી મહત્ત્વના લક્ષ્ય કોક્સ બજાર પર *વિક્રાંત*ના કેપ્ટન સ્વરાજ પ્રકાશે દિવસભર હવાઇ ઍટેક કરાવ્યા.

■

કોક્સ બજાર પૂર્વ પાકિસ્તાનું મહત્ત્વપૂર્ણ બંદર હતુ અને નૌકામથક પણ હતું. (ઇ.સ. ૧૭૯૯માં ઇસ્ટ ઇન્ડિઆ કંપનીના હિરામ કોક્સ નામના અમલદારે સરહદી નિરાશ્રિતોને અહીં વસાવેલા અને પરચૂરણ ચીજોની હાટડીઓ સ્થાપી આપેલી, માટે જગ્યાનું નામ Cox's bazar પડ્યું.) *વિક્રાંત*ના Sea Hawk તથા Alize વિમાનોએ હથિયારોના તથા દારૂગોળાના ભંડારનો નાશ કર્યો, પાવરહાઉસ પર અને વાયરલેસ મથક પર રોકેટમારો ચલાવ્યો તેમજ ઍરબેઝના કન્ટ્રોલ ટાવરને ભડકે બળતો કરી દીધો.

વિમાનવાહક જહાજમાં ભારે તોપો ન હોય અને વળી તે મૂલ્યવાન capital asset લેખાય, માટે શક્તિમાન મનવારોએ તેને સુરક્ષાકવચ પુરૂં પાડવું જોઇએ. *વિક્રાંત*ના રક્ષણ માટે *બ્રહ્મપુત્ર* અને *બિઆસ* ફ્રિગેટો તેની સાથે હતી (જુઓ નકશો). *વિક્રાંત* ભારતીય નૌકાદળમાં જોડાયું એ પછી લગભગ ૧૧ વર્ષે પહેલીવાર તેને વિનાશક શસ્ત્ર તરીકે વાપરવાનો મોકો આવેલો, તેથી નાવિકોના અને હવાબાજોના ઉમળકાને તથા ઉત્તેજનાને સીમા ન હતી.


■

ડિસેમ્બર ૭મી ના રોજ ભારતીય વાયુસેનાએ એકેય વિમાન ગુમાવવાનું ન થયું પણ અગાઉ નુકસાન પામી ચૂકેલા વિમાનો પૈકી ત્રણ એવાં સાબિત થયાં કે જેમને નિવૃત્ત કરી દેવાં પડે તેમ હતાં. આ ત્રણને પણ ગણતરીમાં લેવાય તો ભારતે યુદ્ધના પ્રથમ ચાર દિવસોમાં ગુમાવેલા ફાઇટર-બોમ્બર્સની સંખ્યા 22 થતી હતી. એક પાકિસ્તાની સેબર જેટને ગદરા રોડ પાસે તોડી પાડવામાં આવ્યું, એટલે તે સાથે પાકે વેઠેલા નુકસાનનો જુમલો 53 સુધી પહોંચ્યો. આમ છતાં ૭મી એ તેણે ભારતના અમૃતસર, સામ્બા (જમ્મુ), ઉધમપુર, પઠાણકોટ, અમ્બાલા, ગંગાનગર, ભુજ, ઓખા બંદર, આગ્રા, શ્રીનગર, બિકાનેર

*વિક્રાંતના Sea Hawk તથા Alize વિમાનોએ પૂર્વ પાકિસ્તાનના મહત્ત્વના નૌકામથક અને બંદર કોક્સ બઝારને મુખ્ય નિશાન બનાવ્યું*



# નવો અંક પ્રગટ થઇ ગયો છે



તથા ચંદીગઢ પર હવાઈ હુમલા કર્યા. સૌથી વધુ બોમ્બ ઉધમપુર, પઠાણકોટ તથા અમ્બાલા પર ફેંક્યા. અમૃતસર પર તેના F-86 તથા B-57 કેનબેરાએ ૪૫૦ કિલોગ્રામનો એક એવા ૧૦ બોમ્બ ફેંક્યા. ભારતની એન્ટિ-એરક્રાફ્ટ તોપોએ એક B-57 કેનબેરા તેમજ ત્રણ F-86 ને તોડી પાડ્યાં. ગુજરાતના ઓખા બંદર પર હુમલો કરવા જતાં વળી તેણે ૧ કેનબેરાનું નુકસાન વેઠ્યું. આગમાં લપેટાયેલું તે પ્લેન સમુદ્રમાં પડ્યું. પાકિસ્તાન ભૂમિ, આકાશ તથા સમુદ્રી ફ્રન્ટ પર ઘણા ફટકાઓ વેઠ્યા પછી કદાચ મરણિયું બની સૅબોટેજ પ્રવૃત્તિ હાથ ધરે અને તે માટે પેરાશૂટ વડે ભાંગફોડિયા સૈનિકોને કાશ્મીરમાં ઉતારે એ સંભવના જોતાં ભારત સરકારે ત્યાંના શ્રીનગર, અનંતનાગ, બારામુલ્લા અને કુપવાડા તેમજ ડોડા સહિતનાં નગરો પર નાઈટ કર્ફ્યુ નાખી દીધો. ચંદીગઢના *The Tribune* અખબારે બીજે દિવસે (ડિસેમ્બર ૮ના રોજ) લખ્યું કે, 'પાકિસ્તાનનાં હવાઈ આક્રમણો ઘટતાં હોવાનાં સ્પષ્ટ ચિહ્નો જણાય છે. પાકિસ્તાન ઍર ફોર્સના પાઈલટોમાં ડર પેઠાની સાબિતી એ વખતે જોવા મળી કે જ્યારે HF-24 મારુત વિમાનોએ રાજસ્થાનના રામગઢ પાસે પાક રણગાડીઓ પર બિનધાસ્ત રીતે હુમલા કર્યા ત્યારે પાકિસ્તાની ઍર ફોર્સે તે રણગાડીઓને રક્ષણ આપવા હવાઈ છત્ર પૂરું પાડ્યું નહિ.'


ડિસેમ્બર ૭ના દિવસે આકાશી તેમજ સમુદ્રી ફ્રન્ટ પર આવા સંઘર્ષો રોજના ક્રમ મુજબ ખેલાયા એ વખતે ભારતના સ્વરક્ષણની દૃષ્ટિએ અતિ મહત્ત્વના ક્ષેત્ર છામ્બમાં તડાફડી માટે ભૂમિકા ગોઠવાતી હતી. ભારતની 15 Corps ના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ સરતાજસિંહ હતા અને તેમણે દક્ષિણે છામ્બથી શરૂ કરીને ઉત્તરે પૂંચ સુધીના ભારતીય સીમાડાને દુશ્મનોના આક્રમણ સામે સુરક્ષિત રાખવાનો હતો. પાકિસ્તાનની બદનજર હંમેશાં છામ્બ પર મંડાયેલી રહેતી હતી, કેમ કે ત્યાં ભારતીય લશ્કરની હરોળને તોડી અંદર સુધી પેસારો કરી શકાય તો પછી નૌશેરા અને પૂંચ દ્વારા શ્રીનગર સુધી પહોંચી જવું (પાકિસ્તાનની દૃષ્ટિએ) મુશ્કેલ ન હતું. આથી છામ્બમાં ૩જી સપ્ટેમ્બરની રાત્રે જ પાક આર્મીના મેજર-જનરલ ઇફ્તિખાર જાનજુઆ નામના મહત્ત્વાકાંક્ષી સેનાપતિએ એકસામટી ૯ રેજિમેન્ટો સાથે 30-40 પહોળી સરહદ પર હુમલો આરંભી દીધો. આખી





હરોળ પર પાકિસ્તાની ડઝનબંધ તોપોએ ભારતીય સૈન્ય પર ગોળા વરસાવ્યા. આક્રમણ જોરદાર હતું, એટલે સરતાજસિંહે તાબડતોબ વાયુસેનાને કુમક માટે સંદેશો પાઠવ્યો.

લડાઈનો બરાબર ચિતાર મળે એ માટે છામ્બનું ભૂપૃષ્ઠ જરા ઓળખી લેવા જેવું છે. યુદ્ધવિરામ રેખાની પૂર્વે એટલે

કે ભારતની સાઈડે આશરે સાતથી આઠ કિલોમીટર અંદરનાં વિસ્તારમાં મૂન્નવર તાવી નદી ઉત્તર-ટુ-દક્ષિણ વહે છે. ઊંચા કાંઠા અને પહોળા વહેણને લીધે તે રણગાડીઓ માટે અમુક હદે પ્રાકૃતિક અવરોધ બની શકે છે, પણ સપ્ટેમ્બરથી જાન્યુઆરી દરમ્યાન તેનું પાણી સવા મીટર કરતા વધારે ગહેરાઈનું હોતું




**સીમારેખા અને અંકુશરેખાનું સંગમસ્થાન**

નથી. નદીની બન્ને તરફનો પ્રદેશ થોડાઘણા ટેકરાઓ ને બાદ કરતાં લગભગ સમતળ છે. ૧૯૭૧ની લડાઈનો મહિનો ડિસેમ્બર હોવાને લીધે પાકિસ્તાનની રણગાડીઓ મૂન્નવર તાવીને પાર કરી જાય અને આ પછી ફાયરપાવરના જોરે ભારતીય દળોને મારી હઠાવી બીજા ત્રીસેક કિલોમીટરનું અંતર કાપવામાં સફળ થાય તો અખનૂર પહોંચે, જ્યાં અત્યંત મહત્ત્વનો એવો જમ્મુ-પૂંચનો રસ્તો પસાર થાય છે. ચિનાબ નદી પર ત્યાં મોટો પુલ છે. પાકિસ્તાન તે પુલને તોડી નાખે તો ભારત માટે ધોરી નસ કપાય અને ત્યાર બાદ પૂંચને બચાવવું મુશ્કેલ બને. અખનૂરથી જમ્મુ માત્ર ૩૦ કિલોમીટરના અંતરે છે, એટલે જમ્મુ-શ્રીનગર માર્ગની પણ સલામતી નહિ. આ માર્ગ દુશ્મનના હાથમાં ગયા પછી આખું કાશ્મીર પણ તેના હવાલે સમજો.

૧૯૬૫ના યુદ્ધમાં પણ જનરલ યાહ્યા ખાનના નેતૃત્વ હેઠળ પાકિસ્તાને સર્વપ્રથમ હુમલો છામ્બ પર કરેલો અને ત્યાં આપણાં લશ્કરી દળોને air support આપવા ગયેલા વામ્પાયર પ્રકારનાં ચારે ચાર વિમાનોને પાકિસ્તાને એન્ટિ-ઍરક્રાફ્ટ તોપો વડે તોડી પાડ્યાં. વામ્પાયરમાં ઈજેક્શન સીટ નહિ, એટલે તેમના પાઈલટો બચવા ન પામ્યા. (ઈજેક્શન સીટ વગરનાં બ્રિટિશ વિમાનો શા માટે ખરીદવામાં આવ્યાં તે પ્રશ્ન કોને પૂછવાનો?).

૧૯૬૫માં આપણે છામ્બમાં ભારે નુકસાન વેઠ્યું, પણ ૧૯૭૧માં પાકિસ્તાને જુદી સ્થિતિનો મુકાબલો કરવાનો આવ્યો. લેફ્ટનન્ટ-જનરલ સરતાજસિંહે ભારતીય ઍર ફોર્સને હવાઈ છત્ર માટે સંદેશો મોકલ્યો કે તરત સુખોઈ-7 પ્રકારનાં રશિયન બનાવટનાં પ્લેન આવી પહોંચ્યાં. ઉપરાઉપરી અને અવિરત રીતે તેમણે પાકિસ્તાની દળો પર ૭૮ વખત હુમલા કર્યા અને ડિસેમ્બર ૭ ની સાંજ ઢળી ત્યાં સુધીમાં ભારતનું પલ્લું ભારે થવા લાગ્યું. બન્યું પાછું એવું કે પાકિસ્તાનનો સેનાપતિ ઈફ્તિખાર જાનજૂઆ હેલિકોપ્ટરના અકસ્માતમાં એ જ દિવસે માર્યો ગયો અને તેના મૃત્યુએ પાક સૈન્યની નૈતિક હિંમતમાં ભંગાણ પાડી દીધું. ●



પ્રગટ થઈ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
નગેન્દ્ર વિજય
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.